બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

## ☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( | ગુણ : ૧ | | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

## ☞ વિશેષ નોંધ ☜

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા. ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

(વિભાગ - ૧ કિશોર સત્સંગ પરિચય, દસમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. ''હવે તમે અક્ષર સાચા.'' (૮/૧૭-૧૮)

➩ ઘનશ્યામદાસ - ગુણાતીતાનંદ સ્વામીને

➩ ધ્યાનમાં બેઠેલા ઘનશ્યામદાસને ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'ધ્યાન કરો છો કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંસને માથે હાથ ફેરવો છો ?' વાત સાચી હોવાથી તેઓ સ્વામીનાં ચરણોમાં પડી જતાં કહે છે.

૨. ''અત્યાર સુધી છેટા કેમ ઊભા હતા ?'' (૧૨/૩૪) ➩ લક્ષ્મીચંદ શેઠ - સુખાનંદ સ્વામીને

➩ લક્ષ્મીચંદ શેઠ સદાવ્રત આપતા હતા ત્યારે સુખાનંદ સ્વામી છેટે ઊભા હતા. બધા જ અન્નાર્થીઓની કતાર પૂરી થતાં તેમણે નજીક આવી સદાવ્રતનો સ્વીકાર કર્યો ત્યારે શેઠ પૂછે છે.

૩. ''માટે તારે મને મુખ ન દેખાડવું.'' (૧૩/૩૭)

➩ રામપ્રતાપભાઈ - દામોદરભાઈને

➩ પત્ની ધામમાં જતાં દામોદરભાઈ ફરી પરણ્યા તે વાતની જાણ રામપ્રતાપભાઈને થઈ. ત્યારપછી જ્યારે દામોદરભાઈ રામપ્રતાપભાઈ પાસે આવે છે ત્યારે કહે છે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. કોઈની પણ ગુહ્યવાર્તા તો કોઈ ઠેકાણે પ્રકાશ કરવી જ નહીં. (૧/૬)

જ. કારણ કે તેમ કરવાથી વિશ્વાસઘાતનું પાપ લાગે છે. ગુપ્ત વાત ઉઘાડી પડી જતાં તેના હૃદયને જે આઘાત-દુઃખ થાય છે. તેથી પરદ્રોહનું પાપ લાગે છે.

૨. રાજબાઈની ચૂંદડી બળી ગઈ. (૧૮/૫૧)

જ. 'આ દેહે કરીને વિષય સુખનો ત્યાગ કરીને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય અખંડ પાળી શ્રીજીમહારાજની સેવામાં રહેવું' એવો નિશ્ચય રાજબાઈએ કર્યો હતો. તેમની સગાઈ કરવાની હતી. તેમણે ના પાડી છતાં સાસરેથી ચૂંદડી અને નારિયેળ આવ્યા. જ્યારે માતાએ તેમને ચૂંદડી બતાવી ત્યારે તેમણે કહ્યું : 'બળી તારી ચૂંદડી.' એટલામાં ચૂંદડી ભડભડ બળી ગઈ.

૩. પરમચૈતન્યાનંદ સ્વામી રિસાઈને ચાલ્યા ગયા. (૨૩/૭૨)

જ. અક્ષરાનંદ સ્વામીની સેવાથી રાજી થયેલા મહારાજે તેમને વરતાલના મહંત બનાવ્યા. તેથી પરમચૈતન્યાનંદ સ્વામીને થયું કે કાલે સવારે સાધુ કર્યા અને આજે મહંત કર્યા ! તેથી માનભંગ થવાથી રિસાઈને ચાલ્યા ગયા.

**પ્ર.૩** ‘વિષ્ણુદાસ’ (૧૫/૪૨) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ડભાણ યજ્ઞમાં સીધા સામગ્રી બહુ ઓછી જણાતાં વિષ્ણુદાસે શ્રીજીમહારાજને કહ્યું : ‘આટલું સીધું પૂરું નહિ થાય.’ ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા : ‘જો સીધું ખૂટશે ને લાજ જશે, તો લક્ષ્મીની જશે. આપણે શું ચિંતા ?’ આ બંને ભક્તોની પોતાના તરફની નિષ્ઠા જોઈને શ્રીજીમહારાજે ઘી, ગોળ, ઘઉં, ચોખા વગેરેની મોટી કોઠીઓ હતી. તેને પોતાની છડી અડાડી, ત્યાં જ બધાં પાત્ર ભરાઈ ગયાં. ડભાણના આ ભક્તરાજને મહારાજ વશ વર્તતા હતા. ડભાણમાં જે જે મોટા યજ્ઞો મહારાજે કરેલા તે વિષ્ણુદાસ પટેલના નામથી કરાવેલા. શ્રીજીમહારાજના લાડીલા આ એકાંતિક ભક્ત મહારાજની કૃપાથી નિરાવરણ સ્થિતિને પામ્યા હતા. ઘેર બેઠાં તેઓ બીજા ભક્તોને મહારાજના વિચરણ અને લીલાની વાતો કરતા. તેઓને અખંડ જ્ઞાનસમાધિ રહેતી. મહારાજ ડભાણિયા આંબાની કેરીઓની પ્રશંસા કરતા. આ કેરીઓ તેમને બહુ ભાવતી તેથી વિષ્ણુદાસભાઈ શ્રીજીમહારાજને તથા સંતો-હરિભક્તોને જમાડવા ડભાણથી ગાડાં ભરીને કેરીઓ ગઢડા લઈ જતા. તેમની આવી શ્રદ્ધા અને ભક્તિ જોઈ મહારાજ તેમને મળતા, બેઉ હાથ તેમના માથે મૂકતા, છાતીમાં ચરણારવિંદ આપતા. પછી રસ રોટલીની રસોઈ કરાવી પોતે જમીને સંત-હરિભક્તોની પંક્તિમાં જાતે પીરસી સૌને આગ્રહપૂર્વક જમાડતા. તેઓ સમજતા કે ‘જે સદા દિવ્ય સાકાર મૂર્તિ-સર્વ સામર્થીએ યુક્ત શ્રીજીમહારાજ અક્ષરધામમાં બિરાજે છે. તે જ શ્રીજીમહારાજ તેવા જ ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થીએ યુક્ત મને આજ પ્રત્યક્ષ મળ્યાં છે.’ આવી રીતે પ્રત્યક્ષ શ્રીજીમહારાજના સ્વરૂપને ઓળખી નિશ્ચય કર્યો હતો, પણ કોઈ દિવસ મહારાજની શુભ-અશુભ ક્રિયા દેખીને તેમાં મોહ કે કુતર્ક તેમને થયો નથી. તેથી શ્રીજીમહારાજ તેમના ઉપર અખંડ પ્રસન્ન રહેતા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. મૂર્તિ ભગવત્‌ભાવને કેવી રીતે પામે છે ? (૫/૧૨)

જ. મૂર્તિ સત્પુરુષના પ્રતાપે ભગવત્‌ભાવને પામે છે.

૨. ગોરધનભાઈને કોણે સમાધિ કરાવી ? (૨૯/૯૧)

જ. ગોરધનભાઈને નીલકંઠવર્ણીએ સમાધિ કરાવી.

૩. સ્વામીની વાતમાં ત્રણ પ્રકારના કુસંગ જણાવો. (૧૪/૪૧)

જ. સ્વામીની વાતમાં આ ત્રણ પ્રકારના કુસંગ વર્ણવ્યા છે. (૧) બહારનો કુસંગ (૨) અંતરનો કુસંગ (૩) સત્સંગનો કુસંગ

૪. જ્ઞાનનું અને અખંડમૂર્તિ દેખ્યાનું ફળ શું છે ? (૨૬/૮૪)

જ. મૂર્તિ અખંડ દેખતા હોય તો પણ પ્રગટ ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ કરવી અને તેનાં લીલા ચરિત્રનું ગાન કરવું એ જ્ઞાનનું ને અખંડ મૂર્તિ દેખ્યાનું ફળ છે.

૫. નવ પ્રકારની ભક્તિમાંથી છેલ્લા બે પ્રકારની ભક્તિ લખો. (૨૭/૮૭)

જ. સખાભાવે સ્નેહ કરવો અને આત્મસમર્પણ કરવું એ નવ પ્રકારની ભક્તિમાં છેલ્લા બે પ્રકારની ભક્તિ છે.

**પ્ર.૫** ‘આપણે તપાસ કરવો જે ....’ (૨૫/૭૮-૭૯) - **સ્વામીની વાત પૂરી કરીને નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**“આપણે તપાસ કરવો જે હજાર રૂપિયા મળે તેનું શું ફળ છે લાખ રૂપિયા મળે તેનું શું ફળ છે ને કરોડ રૂપિયા મળે તેનું શું ફળ છે? કેમ જે રોટલાથી તો વધારે ખવાતું નથી. માટે તપાસ કરવો ને પાછા વળતાં શીખવું.”**

આ વાતમાં સ્વામીએ સમજાવ્યું કે ગમે તેટલાં રૂપિયા મળે તેનું ફળ શું છે તેનો નિરંતર તપાસ કરવો, કારણ કે દેહ મૂકીને જઈશું ત્યારે કશું જ સાથે આવવાનું નથી. વસોના વાઘજીભાઈ ગુણાતીતાનંદ સ્વામીના અનન્ય શિષ્ય હતા. તેમને અંતરે અખંડ શાંતિ વર્ત્યા કરે. તેમના પિતા તુલસીભાઈને તમાકુનો મોટો વેપાર એટલે નવરાશ મળે નહિ ને જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા જઈ શકે નહિ. આથી સ્વામીને તેમણે વસો તેડાવ્યા. તેઓ વારંવાર કહેતા, ‘હે સ્વામી ! બેના ચાર દી’ રહો, ચારના આઠ દી’ રહો’ પણ મારા દીકરા વાઘજી જેવું મારા અંતરમાં ટાઢું કરો. પરંતુ તુલસીભાઈ વેપારમાંથી નવરા થાય જ નહિ. સવારે દર્શન કરી દુકાને જાય તે ઠેઠ સાંજે આવે. ત્રણ દિવસ વીતી ગયા. તુલસીભાઈ સ્વામીના સમાગમનો કે કથાવાર્તાનો લાભ લઈ શક્યા નહિ. છતાં ‘ટાઢું કરો, ટાઢું કરો’ એમ સ્વામીને કહ્યા કરે. ચોથે દિવસે તેમને સ્વામીએ બેસાડયા ને વાત કરી કે ‘જેમ લાખ મણ લોઢાની લોઢી તપાવીને લાલ ચોળ કરી હોય તેના ઉપર એક બે પાણીના ઘડા નાખીયે તો તે ટાઢી થાય ખરી ?’ ત્યારે તુલસીભાઈ કહે ‘ના સ્વામી’. ત્યારે સ્વામીએ કહ્યું તેને તો ગંગા નદીના ધરામાં નાખીએ ત્યારે પંદર દિવસ સુધી તો હવેલી જેટલી છોળ્યો ઊછળે ત્યારબાદ ટાઢી પડે. તેવી રીતે આટલાં વર્ષો સુધી તમે વહેવાર કર્યો છે તેના તાપે કરીને તમારૂં અંતર તપી ગયું છે. તે વાતોના કે દર્શનના બે છાંટાથી ઘડીમાં ટાઢું ન થાય. આપણે લાખ રૂપિયા ખર્ચ કરીએ પણ અંતઃકરણનું અજ્ઞાન ન જાય. તે તો જ્યારે આવા સાધુનો સમાગમ કરીએ તો જ જાય. એ પ્રમાણે સ્વામીએ ખૂબ બળની વાતો કરી. પછી તુલસીભાઈ જૂનાગઢ જતા. આમ સ્વામીનો સમાગમ કરતાં તેમના અંતરમાં શાંતિ થઈ ગઈ. માટે સંત સમાગમ કરી અંતરમાં પાછા વળતા શીખીએ તો અંતરમાં ટાઢું થાય.

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે,
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે, કનક છડી સુંદર કર લઈને,
ગજગતિ ચાલો હળવા રહીને. ચિત્તડું ચોરી મીઠું મીઠું ગાવતા રે... (૨૪/૭૫)

૨. અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ જવ વ્હાલા, વજ્ર, અંકુશ, કેતુ ને પદ્મ, જમણે પગે નવ વ્હાલા.
ત્રિકોણ, કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વ્હાલા, અર્ધચંદ્ર ને વ્યોમ સાત, છે ડાબે પગે ચિહ્ન વ્હાલા. (૨૦/૬૪)

૩. विधिशंभुमुखैरनिग्रहं भवपाथोधिपरिभ्रमाकुलम्। अपिधार्य मनो नरप्रभं सहजानन्दगुरुं भजे सदा ॥ (૧૧/૩૧)

૪. **ગુજરાતી ભાષાંતર :** જે પુરુષને વાત, પિત્ત અને કફના દેહમાં આત્મબુદ્ધિ છે અને સ્ત્રી-પુત્રાદિકમાં મમત્વપણાની બુદ્ધિ છે અને ભૂમિના વિકારભૂત પ્રતિમા વગેરેમાં પૂજ્યબુદ્ધિ છે તથા જળમાં તીર્થબુદ્ધિ છે તે પુરુષને આ પ્રકારની આત્મબુદ્ધિ ભગવાનના પરમ એકાંતિક સંતમાં નથી તો તેને બળદિયો અથવા તો પશુઓમાં કનિષ્ઠ એવો ગધેડો જાણવો. (૨૮/૮૮)

**(વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત, અગિયારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''હું તો આ હરિભક્તોને બ્રહ્મની મૂર્તિ દેખું છું.'' (૨૬/૫૦) ➫ ભગતજી - માના ભગતને

➫ એક વખત ભગતજી માના ભગતને આસને બેઠા હતા ત્યારે ભગતજીને શિખામણ આપતાં તેમણે બાબુલા જેવા શિષ્યોમાં બંધાતા નહિ, નહિ તો સૌને ધામમાં લઈ જવા પડશે એવું કહે છે ત્યારે.

૨. ''આ સાધુઓ મારો કેડો મૂકતા નથી. માટે એને ઠપકો દ્યો.'' (૧૯/૩૬) ➫ ભગતજી - જમાદારને

➫ પેટલાદના રાવસાહેબના જમાદાર મુમુક્ષુ હતા તે ભગતજીનાં દર્શને આવે છે ત્યારે કહે છે.

૩. ''તમે પ્રાગજી ભક્તમાં વિશ્વાસ રાખો ને સ્વામીને મૂળ અક્ષર માનો.'' (૧૨/૨૩)

➫ દામા શેઠ - વાઘા ખાચરને

➫ વાઘાખાચર સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા હતા. અહીં સ્વામીના હેતવાળા ભક્તોને આનંદકિલ્લોલ કરતા વાઘાખાચરે જોયા. તેમને વિચાર થયો કે આવો આનંદ મને કેમ નથી આવતો ? આથી મહુવાના દામા શેઠે તેમને કહ્યું.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. પ્રાગજી ભક્તે છ મહિના સુધી વાળંદ તરીકેની સેવા કરી. (૬/૧૨)

જ. કરસન વાળંદે સંતોનું વતું કરવામાં માથા દીઠ એક પૈસાનો ભાવ વધાર્યો. તેથી સ્વામીએ તેને ના પાડી. પણ હજામત વધી જવાથી સાધુઓ અકળાવા લાગ્યા એટલે સ્વામીની આજ્ઞાથી પ્રાગજી ભક્તે છ માસ સુધી વાળંદ તરીકેની સેવા કરી.

૨. અમઈદાસ કોઠારીને થડકો થયો. (૧૧/૨૧-૨૨)

જ. એક વખત વરતાલથી અમઈદાસ, બેચર ભગત તથા પાંચ-સાત પાળા જૂનાગઢ સ્વામીની વાતો સાંભળવા અને પંચતીર્થી કરવા આવ્યા હતા. ત્યારે સ્વામીએ તેમને વાતો કરીને કહ્યું : 'કોઠારી ! મેં તો તમામ કૂંચીઓ પ્રાગજીને આપી છે ને હું તો નિવૃત્તિ લઈને નવરો થયો છું.' આ સાંભળીને અમઈદાસને થડકો થયો કે મંદિરની કૂંચીઓ પ્રાગજીને આપી કે શું ?

૩. ભગતજી સૌ સંતોને ચંદન સહિત ભેટ્યા. (૨૧/૪૦-૪૧)

જ. ભગતજીએ સંતોને કહ્યું જો મારી આજ્ઞા પ્રમાણે જમશો, તો આજે હું તમને વશ છું. તેથી ભગતજીને રાજી કરવા યજ્ઞપુરુષદાસજીએ ત્રણ રોટલા પછી મહામહેનતે અડધો રોટલો વધારે ખાધો પછી સંતોએ ભગતજીના શરીરે ચંદન ચર્ચીને દર્શનનું અલૌકિક સુખ લીધું. સંતોની ઈચ્છાથી ભગતજી સંતોને ચંદન સહિત ભેટ્યા.

પ્ર.૯ 'વાંસદાના દીવાનને સત્સંગ' (૨૩/૪૨-૪૪) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

યજ્ઞપુરુષદાસજીના સમાગમથી વાંસદાના દીવાન અમીન ઝવેરભાઈ નાથાભાઈને ભગતજીનાં દર્શન સમાગમની ઘણી જ ઉત્સુક્તા જાગી. આથી દિવાને આચાર્ય મહારાજ તથા કોઠારી ઉપર બે-ત્રણ પત્રો લખ્યા. આચાર્ય મહારાજ અને કોઠારીની આજ્ઞા મળતાં ત્રણ ચાર હરિભક્તોને લઈને ભગતજી સાથે બીલીમોરા થઈને વાંસદા પધાર્યા. ખાનદેશથી વિજ્ઞાનદાસજીને પણ બોલાવ્યા. દીવાને ભગતજીનું સારું સ્વાગત કર્યું તથા તેમના પત્ની પણ ભગતજીની સેવામાં અખંડ ખડે પગે રહેવા લાગ્યા. તેઓ વેદાંતી હતા. તેથી ભગતજીએ તેમને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એ પાંચ અનાદિ તત્વોની 'વચનામૃત' તથા અન્ય શાસ્ત્રોને આધારે સૂક્ષ્મ વાતો કરી. તેમજ આજ્ઞા ઉપાસનાનું રહસ્ય સમજાવ્યું. એક રાત્રે નિયમ-ચેષ્ટા કરીને સૂતા પછી ભગતજી એકાએક બેઠા થઈને એક શ્વાસે ભજન કરવા લાગ્યા. એમની સાથે દીવાન સાહેબ અને હરિભક્તો પણ જાગી ગયા. ઘડી એક પછી ભગતજી જાગ્રત થયા ને સૌને સંબોધીને કહેવા લાગ્યા : 'જેને ભગવાન વશ કરવા હોય ને અખંડ ભજન કરવું હોય તેને ફડકી ફડકીને

જાગવું ને ભજન કરવું. મુમુક્ષુને હરણ ફડકો ને કાકનિદ્રા જોઈએ. આપણે માથે ઈન્દ્રિયો અંતઃકરણરૂપ શત્રુ છે તે ઉંઘ કેમ આવે? માટે ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં ભજનનો આગ્રહ રહે તો જીવ ધારે તે કરી શકે.' બ્રહ્મ પરબ્રહ્મનાં ગહન તત્વોની વાતો સાથે વ્યાવહારિક જ્ઞાન પણ આપતાં અને કહેતા : 'તમારે બ્રહ્મરૂપ થઈ ભગવાનની સેવામાં રહેવું હોય તો ધર્મ દ્રઢ પાળવો. ધર્મથી જ્ઞાન ટકે ને વિવેક સ્થપાય અને વૈરાગ્ય પ્રગટે. જ્ઞાનાંશના વૈરાગ્યથી વિષયાસક્તિ છૂટી જાય ને ભગવાનમાં આત્મારૂપે પ્રીતિ થાય. દેહે કરીને અગિયાર નિયમ પાળવા અને મન-વચને કરીને પણ તેમ વર્તવું. ભક્તિ પતિવ્રતા છે. તે ધર્મ હશે તો આવશે. અને જ્ઞાન-વૈરાગ્ય તેમના પુત્રો છે તે પણ આવશે.' આવી આવી અદ્‌ભૂત વાતોથી ભગતજીએ દીવાનજીને ભજનાનંદી થવાનું શિખવાડતા. ભગતજીએ દીવાનજીને વચન આપ્યું કે 'અંત સમયે મહારાજ સાથે હું તમને તેડવા આવીશ.' વાંસદાના સમાચાર જાણી આચાર્ય મહારાજે ઘણા રાજી થઈને ભગતજીને ફેંટો બંધાવ્યો પછી તેમની આજ્ઞા લઈને ભગતજી નડિયાદ થઈને અમદાવાદ પધાર્યા.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ગુણાતીતાનંદ સ્વામીએ ગુલાબનો હાર કોને પહેરાવ્યો ? (૧૪/૨૮)

જ. ગુણાતીતાનંદ સ્વામીએ શુકમુનિના સેવક સાધુ હરિસ્વરૂપદાસજીને ગુલાબનો હાર પહેરાવ્યો.

૨. પ્રાગજી ભક્તે ગુણાતીતાનંદ સ્વામી પાસે કયા ત્રણ વરદાન માંગ્યાં ? (૫/૯)

જ. 'મને તો તમારું જ્ઞાન આપો, તમારું ઘર દેખાડો અને મારા જીવને સત્સંગી બનાવો' એ ત્રણ વરદાન માગ્યાં.

૩. અમદાવાદના જ્ઞાનયજ્ઞ વખતે યજ્ઞપુરુષદાસજી ક્યાં હતા ? (૨૪/૪૪)

જ. અમદાવાદના જ્ઞાનયજ્ઞ વખતે યજ્ઞપુરુષદાસજી મહેમદાવાદમાં હતા.

૪. ખાનદેશમાં ભગતજી મહારાજનો પ્રવેશ કોનામાં થયો હતો ? (૨૨/૪૧)

જ. ખાનદેશમાં એક બાઈ હરિભક્તમાં ભગતજી મહારાજનો પ્રવેશ થયો હતો.

૫. પ્રાગજી ભક્તનો જન્મ ક્યારે થયો ? (સંવત, માસ, તિથિ) (૧/૧)

જ. પ્રાગજી ભક્તનો જન્મ સંવત ૧૮૮૫ના ફાગણ સુદ પૂનમે થયો હતો.

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૩ (૩/૬)  ૨. ૨ (૧૬/૩૧)  ૩. ૧, ૨ (૭/૧૩)

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સત્સંગમાંથી વિમુખ** : કોઈ <u>ધર્મવિરુદ્ધ</u> <u>વર્તે</u> અને આપ એને <u>વિમુખ</u> <u>કરો</u> એ તો સમજાય પણ આ <u>પ્રાગજી</u> ભક્ત જેવા <u>મહાન</u> <u>ભક્તરાજને</u> આપ <u>વિમુખ</u> કરો તે સમજાતું નથી. (૧૫/૨૯)

૨. **ઐશ્વર્ય દર્શન :** સંવત <u>૧૯૧૪</u>માં ભગતજી <u>મહુવાના</u> હરિભક્તો સાથે <u>જૂનાગઢ</u> <u>સ્વામીનાં</u> દર્શને જતા હતા. પુષ્કળ વરસાદને લીધે <u>શેત્રુંજી</u> નદી બે કાંઠે આવી હતી. (૨૯/૫૭)

૩. **સાધુનો કસબ :** <u>મારી</u> અનુવૃત્તિ પ્રમાણે <u>તન તોડીને</u> આ પ્રાગજીએ સેવા કરી છે તે <u>રાજીપો</u> કેમ ન થાય ? <u>સ્વામી</u> બોલી ઊઠ્યા. (૮/૧૭)

૪. **અક્ષરવરની માગણી :** <u>ત્રિલોકના</u> <u>સુખને</u> પણ <u>ઠોકરે</u> <u>મારવા</u> તૈયાર થયેલા <u>પ્રાગજી</u> ભક્તને સ્વામીએ કહ્યું : એ <u>ત્રણ</u> <u>વરદાન</u> તો <u>તું</u> <u>ઘર</u> મૂકીને અહીં રહે ને મરણિયો થા તો <u>તને</u> મળે. (૫/૯)

૫. **એકાંતનું સુખ :** <u>ભગતજી</u>એ <u>સંતોને</u> <u>કહ્યું</u> : 'આ <u>ભગવાં</u> લૂગડાં જ <u>બંધનકારી</u> છે, માટે <u>ઘેર</u> જાઓ ને <u>સત્સંગ</u> <u>કરો</u>.' <u>પરંતુ</u> <u>બ્રહ્મચર્ય</u> <u>પાળી</u> ભગવાનને રાજી કરવાનો સંતોનો દૃઢ ઠરાવ સાંભળીને <u>ભગતજી</u> ઘણા જ રાજી થયા.' (૨૧/૩૯)

૬. **જન્મ અને બાળચરિત્રો** : <u>કુળદેવીને</u> <u>નૈવેદ્ય</u> ધરાવવાનો બાકી હતો તેથી <u>માતા</u>એ ના પાડી. પછી <u>મા</u> કંઈ કામ માટે <u>બહાર</u> ગયાં, એટલામાં <u>પ્રાગજી</u> <u>ભક્ત</u> <u>રસોડામાં</u> પેસી ગયા. (૧/૨)

❑ ❑ ❑